જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૮/૨૦૨૦ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૪૪૭/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૬૫ | ૦ | ૧૦૩૬૫ | ૧૬૪૫૫ | ૦ | ૧૬૪૫૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૦ | ૪૩૩૭ | ૫૮૫૨ | ૦ | ૫૮૫૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૫ | ૦ | ૪૫ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૭૭ | ૨ | ૧૪૦૭૯ | ૧૪૭૩૬ | ૧૦ | ૧૪૭૪૬ |
| કુલ | | ૨૮૮૨૪ | ૨ | ૨૮૮૨૬ | ૩૭૨૫૭ | ૧૦ | ૩૭૨૬૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૪ | ૯,૪૫,૨૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦૦ | ૨,૦૦,૦૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :

### વાહન ચોરીના આરોપીઓને મુદામાલ સાથે પકડી ગુના શોધવામાં આવ્યા

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સંબધી ગુનાઓ અટકાવવા તથા ડીટેકટ કરવા કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર વાય.આર.વાઘેલાનાઓના સુપરવિઝન હેઠળ ઘાટલોડીયા પોલીસ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ. પી.આર.ગામીત તથા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.હે.કો. અમિતકુમાર ગણેશભાઇ બ.નં-4596 નાઓને મળેલ ખાનગી બાતમી આધારે વાહનચોરીના ગુનાઓ આચરેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરોને ચોરીના વાહનો સાથે પકડી પાડી કુલ-૨ ગુનાઓનો ભેદ ઉકેલતી ઘાટલોડીયા પોલીસ.

મુદામાલ : મો.સા. – ૨ કિ.રુ. 20,000/-

કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર : 02

શોધાયેલ ગુના:

(૧) ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-758/2020 ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ

(૨) ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-761/2020 ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ

આ કામગીરીમા સુપરવીઝન વાય.આર.વાઘેલા પોલીસ ઈન્સ્પેકટર, તથા પો.સ.ઇ. પી.આર.ગામીત તથા સ્ટાફના તથા અ.હે.કો. અમિતકુમાર ગણેશભાઇ બ.નં-4596 તથા સર્વેલન્સ સ્કોડના બીજા માણસો નોકરી પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

## જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :

## વાહન ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલતી જી.આઇ.ડી.સી. વટવા પોલીસ

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી ગૌતમ પરમાર સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-2 તથા શ્રી અશોક મુનિયા સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-6 તથા શ્રી રાજપાલ સિંહ રાણા સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી જે -ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ મિલકત સંબંધિત આરોપીઓને પકડી પાડવા સારૂ હુકમ કરેલ હોય જે આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર ડી. આર. ગોહિલ નાઓના સીધા સુપરવિઝન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. સી. એમ રાઠોડ તથા સ્ટાફના માણસોએ બાતમી આધારે વાહન ચોરી ના ગુનામાં આરોપી ગણતરીના દિવસોમાં પકડી બે વાહનો રિકવરી કરવામાં આવેલ છે

### આરોપીનું નામ સરનામુ

ઉત્કર્ષ ઉર્ફે ડક્કી રોહીતભાઇ ડાયાલાલ પંડ્યા ઉ.વ.૩૧ રહે.બી/૪૦૨ શ્યામકોર્નર ચોથો માળ, એક્પ્રેસ હાઇવે પાસે જશોદાનગર અમદાવાદ શહેર

### આરોપીએ કબૂલાત કરેલ ગુના

(૧)જી.આઇ.ડી.સી. વટવા પો.સ્ટે ગુ.ર.નં-પાર્ટ-એ ૧૧૧૯૧૦૧૯૨૦૦૫૯૬/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબ

(૨)જી.આઇ.ડી.સી. વટવા પો.સ્ટે ગુ.ર.નં-પાર્ટ-એ ૧૧૧૯૧૦૧૯૨૦૦૬૧૭/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબ

### મુદ્દામાલ

એક ઇનોવા કાર નં- જી.જે.૦૧-કે.એ.-૨૮૨૪ ની કિ રૂ ૧,૫૦,૦૦૦/- ની મત્તાની તથા એક એક્ટીવા નં-જી.જે.-૩૮-એ.એ.-૧૪૮૩ ની કિ રૂ ૩૫,૦૦૦/-ની મત્તાની તથા રેડમી નોટ ૮-પ્રો કંપનીનો બ્લુ કલરની બોડી વાળો એન્ડ્રોઇડ ફોન જેની કિ રૂ ૫,૦૦૦/- કુલ્લે મુદ્દામાલ રૂપીયા ૧,૯૦,૦૦૦/-

## **સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :**

## **વાહન ચોરીના આરોપીઓને મુદામાલ સાથે પકડી ગુના શોધવામાં આવ્યા**

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સંબધી ગુનાઓ અટકાવવા તથા ડીટેકટ કરવા કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ સોલા પોલીસ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ. જે.જે.રાણા તથા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.પો.કો. વાલજીભાઈ ભોપાભાઈ તથા અ.પો.કો. માધુભાઈ પોલાભાઈ બ.નં-૧૦૯૧ નાઓને મળેલ ખાનગી બાતમી આધારે વાહનચોરીના ગુનાઓ આચરેલ આરોપીઓને ચોરીના વાહનો સાથે પકડી પાડી કુલ-૨ ગુનાઓનો ભેદ ઉકેલતી સોલા હાઇકોર્ટ પોલીસ.

મુદામાલ : એક્ટિવા – ૨ કિ.રૂ. ૮૫૦૦૦/-

આરોપી:

(૧) અજય ઉર્ફે મચટો મનુજી ઠાકોર ઉવ.૨૮ રહે. પ્રતાપજીની ચાલી કેશવનગર હરભોલે સોસાયટીની સામે આર.ટી.ઓ સર્કલ રાણીપ અમદાવાદ

(૨) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર

શોધાયેલ ગુના:

(૧) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૭૪૫/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ

(૨) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૦૦૮૫/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ

આ કામગીરીમા સુપરવીઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર, તથા પો.સ.ઇ. જે.જે.રાણા તથા સ્ટાફના તથા મ.સ.ઈ. પ્રવિણભાઈ નારણભાઈ તથા અ.પો.કો. વાલજીભાઈ ભોપાભાઈ તથા અ.લોકરક્ષક માધુભાઈ પોલાભાઈ નોકરી સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનનાઓ જોડાયેલા હતા.

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :

સને ૨૦૧૯ ની સાલમાં વટવા તથા વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના ગુનાઓમાં વોન્ટેડ આરોપીને વિદેશીદારૂ સાથે પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલિસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટરર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોનક સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે"ડીવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ તેમજ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓના સીધા સુપરવિઝન હેઠળ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબનાઓએ તા-૧૭/૦૮/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦ થી તા-૩૧/૦૮/૨૦૨૦ ના કલાક ૨૪/૦૦ સુધી નાસતા ફરતા વોન્ટેડ આરોપી પકડવાની ડ્રાઈવ રાખેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોડ વુ.પો.સ.ઈ.જે.એસ.ચૌધરી તથા હે.કો.હસમુખભાઈ ભાનુભાઈ બ.નં.૪૧૬૦ તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૬૪ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા લોકરક્ષક જીતેન્દ્રસિંહ લાખુભા બ૰નં૰૯૮૬ તથા લોકરક્ષક મનસુખભાઈ વિરાભાઈ બ.નં.૫૪૪ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરજમાં હાજર હતા દરમ્યાન લોકરક્ષક મનસુખભાઈ વિરાભાઈ નાઓને બાતમી હકીકત મળેલ કે વટવા તથા વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતેના વિદેશીદારૂના ગુનામાં છેલ્લા એકાદ વર્ષથી વોન્ટેડ આરોપી સુરજભાઈ હરીકેષ જાતે ચોરસીયા રહે.મ.નં.બી/૧૫, હરીઓમ સોસાયટી એસ્લેમ મીલની સામે વટવા અમદાવાદ શહેરનો એક કાળા કલરના થેલામાં કેટલોક ભારતીય બનાવટના વિદેશીદારૂનો જથ્થો ભરી વટવા ટી જકંશન પાસે ઉભેલ છે જે બાતમી હકીકત આધારે તરત જ પંચો રૂબરૂ રેઈડ કરી સદરી બાતમીમાં જણાવેલ વોન્ટેડ આરોપીને ભારતીય બનાવટના વિદેશીદારુની ૭૫૦ મીલીની સીલબંધ બોટલ નંગ-૦૬ કિ.રૂ.૩૬૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૧ કિ.રૂ.૫૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૪૧૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી લઈ નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૦૭૭૦/૨૦૨૦ ધી પ્રોહી૰એકટ કલમ ૬૫(એ)(ઈ´, ૬૬(૧)(બી´¸૧૧૬(બી´¸ મુજબનો ગુનો રજીસ્ટર કરી આરોપીનો કોરોના વાયરસ (કોવીડ-૧૯)નો રિપોર્ટ કરાવવાની તજવીજ કરી વટવા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૪૮૮/૨૦૧૯ ધી પ્રોહી એકટ કલમ ૬૫ (એ)(ઈ),૧૧૬(બી),૯૮(૨) મુજબ તથા વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૩૯૫/૨૦૧૯ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ) ,૧૧૬(બી) મુજબના બે ગુનાઓમાં વોન્ટેડ આરોપીને પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૨૬/૦૮/૨૦૨૦



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :-

## સાત માસથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે.સંજય શ્રીવાસ્તવ સાહેબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા ગૌતમ પરમાર સાહેબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા એ.એમ.મુનીયા સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મિલાપ પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન તેમજ સુચના આધારે નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા રાખેલ ડ્રાઈવ સબંધે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન અ.પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ નાઓને બાતમી મળેલ કે " નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૦૦૦૯૬/૧૯ ધી ઈપીકો કલમ ૨૭૮, ૨૮૪, ૧૧૪ મુજબના ગુનાના કામના વોન્ટેડ આરોપી બાબુભાઈ નાનુભાઈ જાતે સોલંકી ઉ.વ.૪૫ ધંધો-ડ્રાઈવિંગ રહે-ગામ.કારોલ તા.ચુડા જી.સુરેન્દ્રનગરનાનો નારોલ સર્કલ પાસે ઉભેલ છે." જે બાતમી હકિકત આધારે તપાસ કરતાં ઉપરોકત વોન્ટેડ આરોપી મળી આવતાં આરોપીની પુછપરછ કરતાં ગુનાનો એકરાર કરતો હોય જેથી પો.સ્ટે.ખાતે લાવી કોરોના વાયરસ વૈશ્વિક મહામારી અનુસંધાને નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ પ્રથમ આરોપીને સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના અંગેની સારવાર કરાવવા મોકલી આપવાની તજવીજ કરવામાં આવેલ છે અને નારોલ પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા સાત માસથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને પકડી પાડી ખુબ જ સારી અને પ્રશંસનીય કામગીરી કરેલ છે.તા-૨૭/૦૮/૨૦૨૦

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

(૧)વુ.પો.સબ.ઈન્સ જે.એસ.ચૌધરી –આરોપી પકડવામાં મદદમાં તથા અટક કરનાર

(૨)અ.હે.કો.મહેન્દ્રસિંહ બળવંતસિંહ બ.નં.૩૮૬૭-આરોપી પકડવામાં મદદમાં

(૩)અ.પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯- બાતમી

(૪)અ.પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮ -આરોપી પકડવામાં મદદમાં

આરોપીનો ફોટો :-



## **સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :-**

### અપહરણના ગુનામાં નાસતો ફરતો (વોન્ટેડ) આરોપી પકડવામાં આવ્યો

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો. વિરેન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા (વોન્ટેડ) આરોપીઓને પકડી પાડવા સારૂ હુકમ કરેલ હોય જે આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. જે.જે.રાણા તથા સ્ટાફના માણસોએ બાતમી આધારે સગીરબાળાના અપહરણના ગુનામાં નાસતો ફરતો આરોપી પકડી ઝડપી પાડવામાં આવેલ છે.

આરોપીઓ:

હરેશ ઉર્ફે હરી બાબુભાઇ મકવાણા ઉવ.૨૦ રહે.હાલ ટોકરીયા તા.પાલનપુર જી.બનાસકાંઠા મુળ રહે.ગામ.લોરેલ તા.શિહોરી જી.બનાસકાંઠા.

ગુનો:- સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૧૦૯/૨૦૧૮

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. જે.જે.રાણા તથા હે.કો વિરભદ્રસિંહ વનરાજસિંહ તથા પો.કો નરેશભાઇ ફતાભાઇ તથા સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો જોડાયેલા હતા.

# "શી" ટીમની કામગીરીની વિગત

## ખાડીયા પોલીસ સ્ટેશન :-

પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મહે.સંયુક્ત પો.કમિ.શ્રી સેકટર-૧ રાજેશ અસારી સાહેબ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૩ મકરંદ ચૌહાણ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી 'ઈ' ડીવીઝન ડો.સાગર સાંબડા સાહેબનાઓએ અમદાવાદ શહેરમા "નિર્ભયા ફંડ – safe city project for safety of women હેઠળ મહિલાની સુરક્ષા ને પ્રાધાન્ય આપવા સારૂ તેમજ મહિલાઓ જાહેર સ્થળો ઉપર સુરક્ષા અનુભવે તેમજ છેડતી, જાતિય સતામણી જેવા ગુના અટકાવવા મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા અમદાવાદ શહેર ખાતે " POLICE "SHE" TEAM " કાર્યરત કરવામાં આવેલ જે અનુસંધાને મહિલા છેડતીના બનાવો અટકાવવા સારૂ અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોઈ જે અનુસંધાને ખાડીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર શ્રી પી.ડી.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા- ૨૭/૦૮/૨૦૨૦ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશનની "શી" ટીમના ઈન્ચાર્જશ્રી પો.સબ ઈન્સ. આર.એસ.દેસાઈ તથા અનાર્મ વુ.હેડ કોન્સ. આયશા અલાઉદીન બ.નં.- ૩૮૦૮ તથા અ.વુ.લો.ર. જ્યોતિબેન છનાભાઈ બ.નં.- ૨૦૯૭ અ.વુ.લો.ર. દક્ષાબેન દુદાભાઈ બ.નં.- ૩૨૫૩ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન સારંગપુર દરવાજા પાસે પહોંચતા બે છોકરીઓ જેમાં (૧) સોનલ ડો/ઓ મુકેશભાઈ મોહનજી નટ (મારવાડી) ઉ.વ. ૧૯ રહે.- છારાનગરના છાપરા બકરા મંડી પાસે કાળી ગામ રાણીપ અમદાવાદ શહેર (૨) સારીકા ડો/ઓ મુકેશભાઈ મોહનજી નટ (મારવાડી) ઉ.વ. ૧૦ રહે.- સદર નાઓ નિ:સહાય હાલતમાં મળી આવતાં આ બંને છોકરીઓએ પુછપરછ દરમ્યાન જણાવેલ કે જણાવેલ સરનામે પિતાજી સાથે રહે છે માતા પાંચેક વર્ષ ઉપર ગુજરી ગયેલ છે પિતાજી છુટક મજુરીકામ કરે છે જેઓ દારૂ પીવાની ટેવવાળા છે અને સારસંભાળ રાખતા ન હોવાથી છેલ્લા ચાર પાંચ દિવસથી બંને બહેનો ઘરેથી કોઈને જાણ કર્યા વગર નિકળી ગયેલ છે અને અમદાવાદ શહેરમાં રખડતી ફરે છે તેમજ કોઈ જમવાનું આપે તો જમી લે છે અને રાત્રી દરમ્યાન કોઈ પણ સ્થળે ફુટપાથ ઉપર સુઈ જાય છે કોઈપણ વ્યક્તિ તરફથી તેઓને કોઈ હેરાનગતિ થયેલ નથી વિગેરે મતલબે જણાવેલ તેમજ આ બંને છોકરીઓના પાડોશી નામે પુજાબેન વા/ઓ પંકજભાઈ આત્મારામ રાઠોડ ઉ.વ. ૩૫ રહે.- બકરા મંડીની બાજુમાં ખેંગારજીનો ટેકરો રાણીપ અમદાવાદ શહેરનાઓ આવી જતાં આ બંને બહેનોએ તેઓને ઓળખી બતાવતાં તેમજ પુજાબેન નાઓએ બંને બહેનોની સારસંભાળ માટે જવાબદારી લેતાં ખાડીયા પો.સ્ટે. ખાતે સ્ટે.ડા. નોંધ નંબર- ૧૬/૨૦૨૦ તા.- ૨૭/૦૮/૨૦૨૦ થી નોંધ કરાવી બંને છોકરીઓનો કબ્જો પુજાબેન નાઓને તેઓના ઘરે લઈ જવા સોંપી સારી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે. તા.- ૨૭/૦૮/૨૦૨૦

## સારી કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:

પો.સબ ઈન્સ. આર.એસ.દેસાઈ તથા અનાર્મ વુ.હેડ કોન્સ. આયશા અલાઉદીન બ.નં.-૩૮૦૮ તથા અ.વુ.લો.ર. જ્યોતિબેન છનાભાઈ બ.નં.-૨૦૯૭ અ.વુ.લો.ર. દક્ષાબેન દુદાભાઈ બ.નં.-૩૨૫૩



# પાસા અટકાયતની વિગત

## સરખેજ પોલીસ સ્ટેશન :-

## મિલકત સબંધી ગુન્હાઓ કરેલ ઇસમોની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલકત સબંધી ગુનાઓ થતા અટકાવવા કાર્યવાહી કરવા સુચના કરેલ હોય તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન તથા કાલુપુર પોલીસ સ્ટેશન તથા શાહીબગ પોલીસ સ્તેશન વિસ્તારમા મિલકત સબંધી ગુનાઓ કરેલ ઇસમો વિરૂધ્ધ **સીની.પો.ઇંસ. એચ.બી.પટેલ** નાઓના માર્ગદર્શન હેઠળ પાસા અટકાયતની નીચે મુજબની કામગીરી કરવામા આવેલ છે. તા-૨૭/૦૮/૨૦૨૦

**આરોપી ની વિગત –**

**(૧) સ્વરુપ ઉર્ફે નડ્ડો ઉર્ફે નદ્દા રમેશલાલ વિમનદાસ મેઘરાજાણી ઉ.વ.૩૨ રહે- મ.ન.૧૯/૩૫ એ વોર્ડ ન્યુ બંગ્લા એરીયા રમેશ બિસ્કીટની ગલીની બાજુમા કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર** નાને પકડી અટક કરી મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૭૩૫/૨૦૨૦ તા-૨૬/૦૮/૨૦૨૦ આધારે સદરી આરોપીને તા-૨૭/૦૮/૨૦૨૦ ના કલાક - ૧૧/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા“ હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.

**(૨) મિતેશ ઉર્ફે મીત ઉર્ફે મીતલો ઉર્ફે કુમાર બાબુભાઇ ખુશાલભાઇ બારોટ ઉ.વ.૨૦ રહે- મ.ન.૫૨ અજય ટેનામેંટ -૨ રબારી કોલોની પાસે સીટીએમ અમદાવાદ શહેર** નાને પકડી અટક કરી મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન /પાસા/૭૩૪/૨૦૨૦ તા-૨૬/૦૮/૨૦૨૦ આધારે સદરી આરોપીને તા-૨૭/૦૮/૨૦૨૦ ના કલાક - ૧૧/૪૫ વાગે પાસા અટકાયત કરી પાસા“ હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.

**આરોપીના ફોટા-**

આરોપી નં-૧




આરોપી નં-૨



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૩૩૩ લીટર દેશી દારૂ અને ૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૦/૨૦૨૦**

**સાબરમતીઃ** ગીરીશ પુરષોત્તમ સુથાર (ઉ.વ.૫૩) (રહે. અનમોલ રેસીડેન્સી આનંદ પાર્ટી પ્લોટ પાસે દુધિયા ડેરી પાસે ન્યુ રાણીપ સાબરમતી) એ તા.૨૬/૦૮/૨૦૨૦ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૦ કલાક ૧૨/૫૦ થી તા.૨૪/૦૭/૨૦૨૦ બપોરના ૨/૫૦ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૬૨૯૪૦૯૪૯૬૦ ના ધારકે પોતાનુ નામ દિપક શર્મા જણાવી “ગીરીશ સુથારનુ Paytm બ્લોક થઇ ગયેલ છે” તે ચાલુ કરાવવા KYC વેરીફીકેશન કરાવવા મેસેજ મોકલી KYC વેરીફીકેશન માટે Team Viewer એપ ડાઉનલોડ કરાવી, ઓ.ટી.પી.નંબર મેળવી લઈ ગીરીશ સુથારના બેંકના ખાતાઓમાંથી ઇન્ટરનેટના માધ્યમથી કુલ રૂપિયા ૧,૪૧,૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એચ.વાળા ચલાવે છે.

**રામોલઃ** રવિતેજા પ્રસાદરાવ કોટપ્લ્લી (ઉ.વ.૨૩) (રહે. મનોહર પાર્ક નિરાંત ચાર રસ્તા વસ્ત્રાલ) એ તા.૨૬/૦૮/૨૦૨૦ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૬/૨૦૨૦ સવારના ૧૧/૦૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૯૮૩૨૧૭૩૧૯૧, ૮૬૩૭૮૪૧૨૫૪, ૯૨૪૬૦૨૪૦૨૪ ધારકોએ એમેઝોનમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી, રવિતેજા કોટપ્લ્લીના ખાતામાંથી રૂપિયા ૯૦,૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એસ.દવે ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૫૧/૨૦૨૦</u>**

**ઓઢવઃ** રાજેશભાઇ કનૈયાલાલ વાલાણી (ઉ.વ.૩૬) (રહે. દિવ્યજીવન રેસીડેન્સી સમય બંગલોજ સામે નીકોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૮/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ રઘુવીલા એવન્યુ દુકાન નં-૧૦ ખાતે આવેલ "સુવર્ણરાજ જવેલર્સ" નામની પોતાની દુકાનને આવેલ અજાણી સ્ત્રી દુકાનમાં કારીગર જિગ્નેશભાઇ દિનેશભાઇ પ્રજાપતી નાઓની નજર ચુકવી દુકાનમાંથી સોનાની વીંટી કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિહ ચતુરસિહ ચલાવે છે.

**<u>વિજ કરંટ લાગતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૫૨/૨૦૨૦</u>**

**સરદારનગરઃ** કુબેરનગર છારાનગર ફ્રી કોલોની ખાતે રહેતા સનીભાઇ ઇન્દ્રેકરની બાર વર્ષની પુત્રી નિશાબહેન તા.૨૬/૦૮/૨૦૨૦ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતી હતી ત્યારે વિજ મીટરને પગ અડી જતા વિજ કરંટ લાગતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ.કે.મોથલીયા ચલાવે છે.

**<u>ચોથા માળેથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૫૩/૨૦૨૦</u>**

**સોલા હાઈકોર્ટઃ** ભાડજ સર્કલ પાસે સ્કાયલેન્ડ લેબર કોલોની ખાતે કડીયાકામ કરતા અને ત્યા જ રહેતા જીવાભાઇ સોમાભાઇ મહિડા (ઉ.વ.૩૦) (મુળ વતન- ગામ-ચીખલી તા-ગલિયાકોટા જેસલા જી-ડુંગરપુર રાજસ્થાન) તા.૨૫/૦૮/૨૦૨૦ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે સાઇટના ચોથા માળે કામ કરતા હતા ત્યારે ચોથા માળેથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૫૪/૨૦૨૦</u>**

**સોલા હાઈકોર્ટઃ (૧)** મીનાક્ષી કીરણભાઇ મોદી (ઉ.વ.૬૧)(રહે.અનમોલ રેસીડેન્સી સોલા ભાગવત સામે સોલા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૦ કલાક ૮/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એપીક હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.વસાવા ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ (૨)** હરેશભાઇ અરજણભાઇ પ્રજાપતિ (ઉ.વ.૫૭) (રહે. કામેશ્વર ફ્લોરેન્સ આર્યમાન બંગલોઝની બાજુમા શીલજ રોડ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે સોહમ રો હાઉસ ખાતે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**રીવરફ્રંટ વેસ્ટ**ઃ પ્રકાશભાઇ માધવલાલ સોલંકી (ઉ.વ.૫૨) (રહે.બાલમુકુંદ ફ્લેટ ડુંગર મોતીની ચાલી મજુર ગામ બસ સ્ટેન્ડ પાસે ગીતામંદિર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૦ બપોરના ૪/૪૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ પુર્વ તરફના ભાગે ફુલ બજાર તરફ સરદાર બ્રિજ નીચે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

**ઓઢવ**ઃ નિલેશ સંભાજી પાટીલ (ઉ.વ.૨૮) (રહે. કમલેશ પાર્ક સોસાયટી વિભાગ-૩ મહેશ્વરી સોસાયટી તક્ષશીલા સ્કુલ પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૦ બપોરના ૩/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમા નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ રણછોડભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી